તલોદ નગરપાલિકાના ઉપપ્રમુખ દ્વારા ભાજપના શહેર પ્રમુખને જાનથી મારી નાખવાની ધમકી

હિંમતનગર, તા. ૨૮

તલોદ નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન છે ત્યારે તાજેતરમાં સત્તાની ખેંચતાણ ચાલી રહી છે. દરમિયાન નગરપાલિકાના કોંગ્રેસના ઉપપ્રમુખે ભાજપના શહેર પ્રમુખને જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર મામલો રવિવારે તલોદ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

આ અંગે પોલીસસૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તલોદ નગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસમાં સત્તાની ખેંચતાણ ચાલી રહી છે ત્યારે પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ થતુ નથી. તેમજ વિકાસ કામો પણ અટકી ગયા છે. ત્યારે ભાજપના શહેર પ્રમુખ શિવાભાઈ મુળજીભાઈ પટેલને રવિવારે મહિયલ રોડ પર ઉભા રાખી તલોદ નગરપાલિકાના કોંગ્રેસના ઉપ પ્રમુખ ખોડાભાઈ મેલાભાઈ દેસાઈએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી અપાતા તલોદના રાજકારણમાં ચકચાર મચી જવા પામી હતી અને તે અંગે ભાજપના શહેર પ્રમુખે નગરપાલિકાના કોંગ્રેસના ઉપપ્રમુખ વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

લાડવેલ ચોકડીએથી પાંચ લાખના બિયરનો જથ્થો ઝડપાયો

નડિયાદ,તા.૨૮

ખેડા જિલ્લાની કઠલાલ પાસેની લાડવેલ ચોકડીએથી આઈશર ગાડીમાં બિયરની હેરાફેરી કરતાં બેઈસમો સાથે ૪,૭૭, ૬૦૦ના બિયર પેટી નં.૧૯૯ સાથે આણંદ જિલ્લાના પોરડા તથા બાંધણીના બેઈસમોને ખેડા એલસીબી પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

ખેડા એલસીબી પીઆઈ વી. જે. રાઠોડને મળેલી બાતમીના આધારે તેઓએ પોતાના સ્ટાફ સાથે લાડવેલ ચોકડીએ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. એક આઈશર ગાડી બાતમી મુજબની આવી રહી હતી. તેને રોકવાની કોશીષ કરતાં આ ગાડીને ચાલકે દોડાવી મુકી હતી જેથી ગાડીનો પીછો કરીને એલસીબી પોલીસે ગાડીને ચોમેરથી ઘેરી લીધી હતી. ગાડીમાં તપાસ કરતાં પરપ્રાંતનો બિયરનો જથ્થો ૧૯૯ પેટી કુલ નંગ ૪૭૭૬ કિંમત ૪,૭૭, ૬૦૦નો મુદ્દામાલ હસ્તગત કરાયો હતો. સાથે ગાડીમાં બેઠેલા બે ઈસમોની પુછપરછ કરતાં એક ઈસમ પોરડા તા.પેટલાદની ઈન્દીરાનગરીમાં રહેતો કાળુભાઈ સુરાભાઈ ભરવાડ તથા બીજો ઈસમ પેટલાદ તાલુકાના બાંધણી ગામનો મહેશભાઈ રામાભાઈ સોલંકી હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંનેની પ્રોહીબીશન એક્ટ મુજબ અટકાયત કરીને તેઓની અંગજડતી કરતાં તેઓના ખિસ્સામાંથી રુા.૪૩૩૦ રોકડા તથા મોબાઈલ નંગ.૫ કિંમત રુા.૫૫૦૦ સહિત આઈશર ગાડી કિંમત રુા.૭ લાખ મળી કુલ ૧૦,૮૭,૪૩૦નો મુદ્દામાલ હસ્તગત કરાયો હતો. સાથે સાથે આ બિયરનો જથ્થો ક્યાંથી લાવ્યા અને ક્યાં લઈ જવાતો હતો તે અંગેની વ્યાપક પુછપરછ એલસીબી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

સરકાર ખેડૂતોની સાથે જ છે : આનંદીબેન પટેલ

ડીસા, તા. ૨૮

ડીસામાં આજે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ભાજપ કિસાન મોરચા દ્વારા આયોજિત મુખ્યમંત્રીએ વિરાટ કિસાન રેલીને સંબોધી હતી. જેમાં હજારોની ઉમટેલી માનવ મેદનીએ મુખ્યમંત્રીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

આનંદીબેન પટેલ જ્યારે કિસાન મોરચા આયોજિત કિસાન રેલીમાં આવ્યા ત્યારે તેમની સાથે કેન્દ્રિય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરી, મંત્રી રજનીભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી, પરસોત્તમભાઈ રૂપાલા, સંસદ સભ્ય લીલાધરભાઈ વાઘેલા, સાંસદ દિલીપભાઈ ઠાકોર, મંત્રી શંકરભાઈ ચૌધરી સહિતના મંત્રીઓ પણ જોડાયા હતા. હેલીપેડથી સભા સ્થળ સુધી ટ્રેક્ટરમાં બેસી આવેલા મુખ્યમંત્રીનું હાજર માનવ મેદનીએ ભવ્ય અભિવાદન કર્યું હતું તો વળી ડીસાના માલી સમાજના લોકોએ ઘેર નૃત્ય સાથે નાચ ગાન કરી સ્વાગત કર્યું હતું. ડીસામાં વિરાટ કિસાન રેલીને સંબોધવા પહોંચેલા આનંદીબેન પટેલે સરકારની યોજનાઓનો પ્રચાર કરવા ઉપરાંત કોંગ્રેસને પણ આડે હાથ લીધી હતી.

મુખ્યમંત્રીએ જણાવેલ કે 'મારો ૧૮ વર્ષથી બનાસકાંઠામાં મારો પ્રવાસ યથાવત ચાલુ રહ્યો છે તેમને પાટણનો ખાસ આભાર માનતા જણાવેલ કે પાટણે મને દસ વર્ષથી મને લાગણીઓથી નવાજી છે તેમને સંતોષ વ્યક્ત કરતા જણાવેલ કે મેં હેલિકોપ્ટરમાં આવતા જોયું અનુભવ્યુ કે બનાસકાંઠામાં ૧૫ વર્ષ પહેલાની સ્થિતિ હવે બદલાઈ છે અને હવે ચોતરફ હરીયાળી દેખાય છે. અહી ખેડૂતો મને ભેટમાં બટાટા ટોપલો, દાડમ, ઘઉં, એરંડા, સરગવાની સિંગ, વરીયાળી મને ભેટ આપી મારૂ સન્માન કરે છે તે વિવિધ ફળ અને પાક આ વિસ્તારમાં આવતા નર્મદા પાણીને આભારી છે. સરકાર ખેડૂતો અને શોષિત લોકોને તમામ પ્રકારની સહાય આપી રહી છે તેનો લાભ લઈ મહિલાઓ અને અન્ય લોકો આરોગ્યલક્ષી સેવાનો લાભ નિઃશુલ્ક રાજ્યના હોસ્પિટલોમાં પહોંચી લાભ મેળવે તેવી તેમને અપીલ કરી હતી.

અંબાજીમાં અંબાજી મહોત્સવનો ભવ્ય શુભારંભ

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટીતંત્ર બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય અંબાજી મહોત્સવનો ભવ્ય પ્રારંભ થયો છે. આ મોહત્સવને ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રોધામ વિકાસ બોર્ડના ડિરેક્ટર ગણપતભાઈ જોષીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગણપતભાઈ જોષીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે અંબાજી આસપાસના અંતરિયાળ આદિવાસી બાળકોની કલાને પ્રદર્શિત કરવા માટેનું સ્ટેજ આવા કાર્યક્રમો દ્વારા પુરુ પડાય છે. આવા સાંસ્કૃતિક કાર્યક્રમોના માધ્યમથી ઉગતા કલાકારોને પ્રોત્સાહન મળે છે. આ બાળકોને કોઈ કોચીંગ કે ટ્રેનિંગ વગર એમના અંદર પડેલી કલાને ઉજાગર કરવાનું એક તક રાજ્ય સરકાર દ્વારા આવા મહોત્સવના માધ્યમથી પુરી પડાય છે. પ્રવાસન વિભાગના સંયુક્ત સચિવ મયંકભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરતાં આ મહોત્સવને માણવા તેમણે માઈભક્તોને અનુરોધ કર્યો હતો. પ્રાંત અધિકારી જી.સી.અલગોતરે અંબાજી મહોત્સવ વિશે માહિતી વિશે આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં અંબાજી મંદિરના વહીવટદારશ્રી જી.પી.બ્રહ્મભટ્ટે શાબ્દિક સ્વાગત કર્યું હતુ.

આઈઆઈએમ-એ ના છાત્રોએ યુનિક-યુ સ્કૂલના પુરા મોડેલનો કેસ સ્ટડી કર્યો

ઈડર, તા. ૨૮

આઈઆઈએમ અમદાવાદના છાત્રોની ટીમ યુનિક-યુ સ્કૂલ ઈડરના પુરા મોડેલનો (ગ્રામ્ય વિસ્તારમાં શહેરની સમકક્ષ સગવડો ઉભી કરવી) કેસ સ્ટડી કર્યો હતો. ઈડર સ્કૂલના કેમ્પસમાં આઈઆઈએમ-એના વિદ્યાર્થીઓએ સંચાલકમંડળ, શિક્ષકો, વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી જરૂરી માહિતી મેળવી હતી. વર્ગખંડો, આઈટીની સુવિધાઓ અન્ય માળખાગત સુવિધાઓ અને શિક્ષણ પદ્ધતિઓની પણ ઊંડાણપૂર્વક સમજ મેળવી હતી. વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી શાળાના ૨૧મી સદીને અનુરૂપ કૌશલ્યો વિકસાવવાના પ્રયત્નો બાળકોમાં સમજ અને વિકસેલ કૌશલ્યો જોઈ શાળા સંચાલક મંડળને અભિનંદન આપ્યા હતા.

આ સાથે આઈઆઈએમ-એના છાત્રોએ યુનિક-યુ સ્કૂલના વિદ્યાર્થીઓને કારકિર્દીમાં આગળ વધવા માટે ઉપયોગી માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને મનગમતા ક્ષેત્રનું જરૂરી જ્ઞાન એકત્ર કરી એ માટે કૌશલ્યો અત્યારથી વિકસાવવા સમજાવ્યા હતા. કારકિર્દી વિકલ્પનો રોડમેપ તૈયાર કરી સતત આયોજનપૂર્વક મહેનત કરવા સમજાવ્યા હતા. આઈઆઈએમમાં પ્રવેશ, મેડીકલ, એરોનોટીકલ એન્જીનીયરીંગ રાજકીય ક્ષેત્રે

કારકિર્દી માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરી માહિતી કેવી રીતે મેળવવી તેની સમજ પણ આપવામાં આવી હતી.

આઈઆઈએમ-એના વિદ્યાર્થીઓએ ગામડાઓનો વિકાસ કેવી રીતે કરવો અને તેની સાથે રહેલી કારકિર્દીના વિકલ્પોની પણ ઉપયોગી માહિતી આપી હતી. આ સાથે મેનેજમેન્ટના ક્ષેત્રમાં રહેલી કારકિર્દીની તકોની ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી.

ગ્રામ્ય વિસ્તારના બાળકોને શહેરના શિક્ષણની સમકક્ષ ગુણવત્તા અને સગવડો મળી રહે તેવા આશયથી શરૂ થયેલ યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ડૉ. કલામના ઈન્ડિયા-વીઝન-૨૦૨૦ના પીયુઆરએ મોડેલથી પ્રેરિત થયેલા છે. ત્રણ વર્ષમાં શાળાએ ગ્રામ્ય કક્ષાએ વિકસાવેલ મોડેલ અને તેની અસરોનો અભ્યાસ આઈઆઈએમ-એના છાત્રોએ કર્યો. એ શાળા માટે ગૌરવની બાબત છે. ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવા ગ્રામ્યકક્ષાએ યુનિક-યુ જેવો અન્ય શાળાઓ શરૂ થાય તે ખૂબ જરૂરી છે. આ સમગ્ર પ્રયત્નમાં દરામલી ગ્રામ પંચાયત તરફથી શ્રી અંકુરભાઈ દેસાઈનો સુંદર સહયોગ મળ્યો હતો.

મોડાસા બસ સ્ટેન્ડ પાછળ કારચાલકે આઈસ્ક્રીમની મજા માણતા ૫ વ્યક્તિઓ અને ૩ થી વધુ બાઈકને કચડ્યા

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના એસ.ટી. બસ ડેપોની પાછળ હિટ એન્ડ રનની ઘટના બનતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. રવિવારે રાત્રીના ૧૦ કલાકના સુમારે એસેન્ટ કારના ચાલકે બસસ્ટેન્ડ પાછળ આવેલા આઈસ્ક્રીમ પાર્લર પર ઠંડા પીણાની મજા માણતા પ્રજાજનો અને બાઈકો પર કાર પુરઝડપે ચઢાવી દેતા ૫ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે પાર્લર આગળ ઉભેલા ૩ થી વધુ બાઈકનો ખુડદો

બોલાઈ ગયો હતો. સદનસિબે જાનહાની ટળી હતી. મોડાસાનો કારચાલક પ્રજાજનોનો રોષ પારખીને છટકી ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનોની મદદથી સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. મોડાસા ટાઉન પોલીસે અકસ્માત સર્જી ફરાર કારચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

રવિવારે મોડી રાત્રે મોડાસા બસ સ્ટેન્ડ પાછળ જુની કલેક્ટર કચેરી માર્ગ પર આવેલા પેરીસ ઠંડા પીણાના પાર્લર પર ઠંડા પીણાની મજા માણી રહેલા પ્રજાજનો પર અમદાવાદ તરફથી આવતી એસેન્ટ કારના ચાલકે પૂરઝડપે અડફેટે લેતા હિટ એન્ડ રનની ઘટના સર્જાઈ હતી. પેરિસ આઈસ્ક્રીમ પાર્લર પર ઉનાળાની ગરમી સામે રક્ષણ મેળવવા રવિવારે રાત્રીના સમયે

કેટલાક પરિવારજનો અને યુવાનો ઠંડા પીણાની મજા માણી રહ્યા હતા ત્યાં જ યમદૂત બનીને આવેલી એસેન્ટ કાર (ગાડી નં. જીજે૧એચજી.૮૬૦૮)ના ચાલકે ગફલતભરી રીતે પૂરઝડપે હંકારી ચઢાવી દઈ કાર બસસ્ટેન્ડ પાછળ લગાવેલી તારની વાડમાં ઘુસાડી દેતા એસેન્ટ કાર લટકી પડી હતી. એસેન્ટ કારના ચાલકે બે નાના બાળકો સહિત અન્ય ત્રણ લોકોને અડફેટે લીધા હતા તેમજ બાઈકોને અડફેટે લેતા બાઈકો નીચે પટકાતા બાઈકોના ભુક્કા બોલાઈ ગયા હતા. બસસ્ટેન્ડ પાછળ બનેલી ઘટના જો દિવસ દરમિયાન બની હોત તો કોણ જાણે કેટલાય નિર્દોષ લોકોનો ભોગ લેવાયો હોત તેવું અકસ્માતના પગલે દોડી આવેલા લોકો ચર્ચા કરતા નજરે ચડતા હતા. કારચાલક પ્રજાજનોનો રોષ પારખીને અંધારાનો લાભ લઈ ભાગી છુટ્યો હતો. અકસ્માતના પગલે મોડાસા ટાઉન પોલીસ ધસી આવી અકસ્માત સર્જી ફરાર કારચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

હિંમતનગરમાંથી બાળક મળી આવતા રિમાન્ડ હોમમાં મોકલાયું

પોલો ગ્રાઉન્ડના વિસ્તારમાં રહેતા કમલભાઈ ગુણવંતભાઈ નાયકના ઘરે એક બાળકને મજુરી કરાવાય છે. માહિતી મળતા પોલીસે તપાસ કરી કમલભાઈ નાયકના ઘરેથી નરેશ શંકરલાલ કલાસવાનો સંપર્ક કરી પુછ-પરછ કરતા તે બિમાર હોવાથી ખેડબ્રહ્માના ડૉ. ચંદ્રદાસ નાયકના ઘરે રહેતો હતો. ત્યારબાદ પોલીસે તેના માતા-પિતાનો સંપર્ક કરતા હકિકત સાચી જણાઈ હતી. પોલીસે તેને રિમાન્ડ હોમમાં મોકલી આપ્યો હતો.

સઢા ગામે સરપંચના પરિવારને માર મારનાર ચાર વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૮

હિંમતનગર તાલુકાના સઢા ગામમાં શુક્રવારે સવારે ગામના એક જ પરિવારના ચાર સદસ્યોએ ગુપ્તી સાથે ગામના સરપંચ સાથે નજીવી બાબતમાં તકરાર કરી દિકરા તેમજ પત્નીને ગડદાપાટુનો માર મારી, મારી નાખવાની ધમકી આપતા મામલો ગરમાયો હતો. જેથી સરપંચે. શનિવારે ગામના એક જ પરિવારના ચાર સદસ્યો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા ગાંભોઈ પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સઢા ગામમાં રહેતા વિજયસિંહ અમીરસિંહ રાઠોડે શુક્રવારે ગુપ્તી લઈ આવી ગામના સરપંચ રાજેન્દ્રસિંહ રાઠોડ સાથે તુ કેમ હોળીમાં શત્રુનો નાશ થશે તેવું કહેવાની બાબતમાં તકરાર કરી હતી. અને ગાળો બોલી મારી નાખવાની ધમકી આપતા રાજેન્દ્રસિંહના દિકરા ધરમરાજ અને પત્નિ વચ્ચે પડતા વિજયસિંહ રાઠોડના પરિવારે બંને જણાને નીચે પાડી દઈ ગડદા પાટુનો માર માર્યો હતો. માર મારવાની ઘટના સંદર્ભે સઢાના સરપંચ રાજેન્દ્રસિંહ રાઠોડે ગામના વિજયસિંહ રાઠોડ, સજ્જનબા રાઠોડ, ધમેન્દ્રસિંહ રાઠોડ અને યોગેન્દ્રસિંહ રાઠોડ વિરૂધ્ધ શનિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ચારેય જણા વિરૂધ્ધ ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઈડરના દામોદર કોમ્પલેક્ષ પાસેથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા.૨૮

ઈડરના દામોદર કોમ્પલેક્ષ પાસે શનિવારે લખેડાકંપાના સ્નેહકુમાર વિનોદભાઈ પટેલે બાઈક નં.જીજે.૯. એએલ. ૮૦૦૭ પાર્ક કરીને કામ અર્થે ગયા હતા. ત્યારબાદ પરત આવ્યા ત્યારે પોતાનું બાઈક ન દેખાતા તપાસ કરી હતી. પરંતુ કોઈ પત્તો ન મળતા તેમણે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સહકારીજીન વિસ્તારમાં ચોરી કરવા આવેલો શખ્સ પકડાયો

હિંમતનગર, તા.૨૮

હિંમતનગરના સહકારીજીન વિસ્તારમાં આવેલ શગુન બંગ્લોઝમાં શનિવારે બપોરના સુમારે ચોરી કરવાના ઈરાદે આવેલા એક શખ્સને લોકોએ રંગેહાથ ઝડપી લીધો હતો. ત્યારબાદ તેને એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મોકલી આપ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે શગુન બંગ્લોઝમાં રહેતા શૈલેષકુમાર પુરૂષોત્તમદાસ પટેલના બંધ મકાનમાં ચોરી કરવાના આશયથી શનિવારે બપોરના સુમારે સરતાનભાઈ વજીરભાઈ દેવીપૂજક (રહે.હિંમતનગર, રેલ્વે સ્ટેશન નજીક) એ આવી તાળાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. જે અંગે આ વિસ્તારમાં રહેતા લોકોને ખબર પડતા તેને પકડી લઈ મેથીપાક ચખાડયો હતો અને એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોંપીને શૈલેષકુમાર પટેલે તેની વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પાટીયા વલીસાના પિતા-પુત્રનું ઝેરી દવા પી જતા મોત

હિંમતનગર, તા.૨૮

રાજસ્થાનના ખેરવાડા તાલુકાના પાટિયા વલીસા ગામના પિતા-પુત્ર શુક્રવારે ઝેરી દવા પી જતા બંનેને પરિવારજનો દ્વારા શનિવારે સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યાં બપોરે પિતા-પુત્રના સારવાર દરમિયાન મોત નિપજતા સિવિલના ફરજ પરના તબીબે ઘટના અંગે હિંમતનગર બી-ડીવઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર રાજસ્થાનના ખેરવાડા તાલુકાના પાટિયા વલીસા ગામે રહેતા સુભાષભાઈ લક્ષ્મણભાઈ ડામોર (ઉ.વ.૩૫) અને તેમના પુત્ર દિક્ષીત ડામોર (ઉ.વ.૪) શુક્રવારે કોઈ ઝેરી દવા પી ગયા હતા. જેથી બંને પિતા-પુત્રને તેમના પરિવારજનો શનિવારે સારવાર અર્થે હિંમતનગરની સિવિલમાં લઈ આવ્યા હતા. જ્યાં બપોરે સારવાર દરમિયાન બંનેના મોત નિપજ્યા હતા. રાજસ્થાનના રહીશ પિતા-પુત્રના હિંમતનગરની સિવિલમાં સારવાર દરમિયાન મોત થતા ફરજ પરના તબીબ ડૉ. ડી. કે. તબિયારે ઘટના અંગેની જાણ હિંમતનગર બી-ડીવીજન પોલીસ સ્ટેશનમાં કરી હતી.

પાલનપુરમાં સમર્પણ આંખની હોસ્પિટલનું લોકાર્પણ કરાયું

તાલેમહંમદ ખાન સિલ્વર જ્યુબીલી અને શાહ માનચંદ મગનચંદ આંખની હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ હોસ્પીટલનું પાલનપુર મુકામે કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરીભાઈ ચૌધરીના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મંત્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે બનાસકાંઠા જિલ્લાના લોકોને ઘર આંગણે સારી આરોગ્ય સેવાઓ મળે તે માટે આધુનિક સુવિધા સાથેની આંખની હોસ્પીટલનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આંખની હોસ્પીટલના અધતન બિલ્ડીંગના નિર્માણમાં જૈનશ્રેષ્ઠીઓ, દાતાઓએ ખુબ દાન આપી આ વિસ્તારની સારી સેવા કરી રહ્યા છે તે બદલ અભિનંદન પાઠવું છું. તેમણે કહ્યુ કે બનાસકાંઠા જિલ્લો વિસ્તારની દ્રષ્ટી ખુબ મોટો છે.